Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# આંબેડકર અને દલિતોનો સામાજિક વિકાસ

ડો. પરેશ એમ. પરમાર*

પ્રસ્તાવના :

ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થામાં અનુસૂચિત જાતિ જુદા જુદા નામથી ઓળખાતી આવી છે. વર્તમાન સમયમાં પણ તે દેશના જુદા જુદા રાજયમાં જુદા જુદા નામોથી ઓળખાય છે. સિંધુ સંસ્કૃતિમાં તેઓ'દાસ' તરીકે ઓળખાતા. મનુસ્મૃતિમાં તેઓને'શુદ્ર" અને "પંચમ' કે "અતિશૂદ્ર' તરીકે ઓળખવામાં આવ્યા જુદા જુદા સમયકાળમાં વિવિધ પ્રાંતોમાં તેઓ જુદા જુદા નામથી ઓળખાયા – જેમ કે, પરિઆ, પીરિયલ, નામશુદ્ર અવર્ણ, હરિજન, અસ્પૃશ્યો વગેરે મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમેને 'અંત્યજ' તરીકે ઓળખાવ્યા. ગાંધીજીએ અસ્પૃશ્યો માટે 'હરિજન' શબ્દ વાપર્યો. ભારતની આઝાદી બાદ બંધારણમાં આ જાતિઓના વર્ગને 'અનુસૂચિત જાતિ' એવું નામ આપવામાં આવ્યું. અનુસૂચિત જાતિ એ કોઈ જાતિ જ્ઞાતિ માટે વપરાતું નામ નથી, પરંતુ કેટલીક જ્ઞાતિઓને તેમના સામાજિક આર્થિક અને શૈક્ષણિક પછાતપણાંને કારણે એક જૂથમાં એકત્ર કરીને જે અનુસૂચિ હેઠળ મૂકીને તે વર્ગને અપાયેલું સમૂહવાચી નામ.છે અમેરિકાના હબસીઓની ચળવળમાંથી પ્રેરણા લઈને મહારાષ્ટ્ર (૧૯૭૨)માં મુંબઈ અને પૂનામાં અમેરિકાના બ્લેક પેન્થર્સમાંથી પ્રેરણા લઈ દલિત પેન્થર આંદોલનની શરૂઆત થઈ. મહારાષ્ટ્રમાં શરૂ કરાયેલ ચળવળમાં આ જાતિના લોકોને 'દલિત' નામ અપાયું. દલિતો ડો. બાબા સાહેબ આંબેડકર અને માર્ક્સવાદી વિચારોના પ્રભાવ હેઠળ સામાજિક ક્રાંતિ લાવવા ચળવળ ચલાવતા રહ્યા છે.

---

*ડો. પરેશ એમ. પરમાર, એસોસીએટ પ્રોફેસર એન્ડ હેડ, સમાજશાસ્ત્ર વિભાગ, આણંદ આર્ટ્સ કૉલેજ, આણંદ.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

**દલિત (DALIT) :**

'દલિત' (Dalit) એટલે કચડાયેલા, શોષિત અને પીડિત. ભારતીય સમાજ વ્યવસ્થામાં દબાયેલા, કચડાયેલા, શોષિત અને પીડિત લોકોને 'દલિત' તરીકે ઓળખવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિઓના લોકોને'દલિતો' અથવા 'દલિત જ્ઞાતિઓ' તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીનકાળથી જ આ જ્ઞાતિઓને હિન્દુ સમાજમાં અસ્પૃશ્ય ગણીને તેમને સામાજિક અન્યાય કરવામાં આવ્યો હતો. તેઓ સામાજિક અને નાગરિક અધિકારો ભોગવી શકતા ન હતાં. તેઓ અસ્પૃશ્યતાનો ભોગ બન્યા હતાં સામાજિક, શૈક્ષણિક, આર્થિક, ધાર્મિક અને નાગરિક જીવનમાં તેમના માટે અનેક નિર્યોગ્યતાઓ (Disabilities) લાદવામાં આવી હતી.

ટી.કે. ઓમેન જણાવે છે કે, અનુસૂચિત જાતિના લોકોને મંદિર પ્રવેશ, શાળા પ્રવેશ અને જાહેર કૂવાઓના ઉપયોગથી વંચિત રાખવામા આવ્યા હતા તેમના સ્પર્શથી અભડાઈ જવાય તેવી માન્યતા જોવા મળતી હતી. તેઓ નાગરિક અને ધાર્મિક જીવનની નિર્યોગ્યતાઓનો ભોગ બન્યા હતા. તેઓનું શોષણ થતું હતું તેઓ ગામ કે નગરના છેવાડે વસવાટ કરતાં. તેઓ પોશાક કે અલંકારો ધારણ કરી શકતાં નહી. તેઓ ગરીબી, નિરક્ષરતા, અસમાનતા, શોષણ અને અન્યાયનો ભોગ બનેલ વંચિત સમૂહો હતા તેઓ સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પછાતપણું ભોગવતા હતા.

**આંબેડકર અને દલિતોનો સામાજિક વિકાસ :**

ડો. આંબેડકરે અનુસૂચિત જાતિના લોકોની તકલીફો/મુશ્કેલીઓ વિરૂદ્ધ અવાજ બુલંદ કરી તેમના મૂળભૂત માનવીય અધિકારોને માટે સંઘર્ષ કર્યો હતો.ડો. આંબેડકરે 'ઓલ ઈન્ડીયા ડિપ્રેસ્ડ ક્લાસીસ ફેડરેશન'ની સ્થાપના કરી અને તેમણે તેનું નેતૃત્વ કર્યું અને માર્ગદર્શન આપ્યું સદીઓથી ગુલામીવાળી જિંદગી જીવતી, દુ:ખી અને બેહાલ અસ્પૃશ્ય જાતિઓને તેમણે એક કરી, સંગઠન બનાવીને સંસ્થાઓ સ્થાપી અને આયોજનબદ્ધ રીતે દલિત અથવા અસ્પૃશ્ય જ્ઞાતિઓના

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

સામાજિક વિકાસ માટે આંદોલન શરૂ કર્યું. આંબેડકર વિચારધારા મુખ્ય બે બાબતો પર કામ કરતી હતી.

૧. સામાજિક સમાનતા માટે સંઘર્ષ

૨. ગુલામીમાંથી મુક્તિ

ડો. આંબેડકર ધાર્મિક કર્મકાંડ અને બ્રાહ્મણ અને બ્રાહ્મણ વર્ચસ્વનો વિરોધ કરતા હતા. દલિતોના આત્મ સમ્માનનું રક્ષણ, સમતામૂલક સમાજ સ્થાપવો સામાજિક ન્યાય અને જ્ઞાતિભેદ તથા વર્ણભેદ દૂર કરવામાં માનતા હતા. ડો. આંબેડકરે દલિતોને તૈયાર કરવા માટે પ્રયત્નો કર્યા હતા. તેઓ માનતા હતાં કે, અધિકાર કઠિન સંઘર્ષથી જ મળે છે.

વડોદરા રાજ્યની નોકરી છોડ્યા બાદ ડો. આંબેડકરે દલિતોના ઉત્થાન માટે "બહિષ્કૃત હિતકારક સભા'નું સંગઠન બનાવ્યું અને વિવિધ પ્રવૃત્તિઓ ચલાવીતેમણે મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના મહાડ ગામના તળાવના ઉપયોગ કરવા માટે સત્યાગ્રહ કર્યો હતો. તેમણે બંધારણ ઘડતર સમિતીના અધ્યક્ષ બનીને કરોડો દલિતો/હરીજનોના ઉત્થાન માટે બંધારણીય જોગવાઈઓને બંધારણમાં સામેલ કરવા માટે અથાગ પ્રયત્નો કર્યા હતાં ભારતના બંધારણમાં આર્થિક, રાજનૈતિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં અનુસૂચિત જાતિઓના સામાજિક વિકાસ માટે જોગવાઈઓ કરી છે. ભારતના બંધારણની કલમ-૪૬માં લખ્યું છે કે રાજ્ય સમાજના નબળા અને કમજોર વર્ગો અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિતોનું રક્ષણ કરશે તથા સામાજિક અન્યાય અને દરેક પ્રકારના શોષણથી તેમનું રક્ષણ કરશે આ બંધારણીય જોગવાઈઓને પરિણામે રાજ્ય અને સંસદમાં દલિતો માટે અનામત જગ્યાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. નોકરીઓમાં પણ તેમના માટે અનામત જગ્યાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. કલમ-૧૭ મુજબ, 'અસ્પૃશ્યતાનું આચરણ ગુનો ગણવામાં આવ્યું છે આ બંધારણીય જોગવાઈઓ પ્રમાણે દલિતોના કલ્યાણ માટે/વિકાસ માટે અનેક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે'

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

આ જોગવાઈઓને પરિણામે હરિજનો/દલિતોનો સામાજિક વિકાસ થયો છે. એનાથી દલિતોમાં એક સ્તર સુધી ચેતના ઉદ્દભવી છે. તેઓ પોતાના અસ્તિત્વ અને ઓળખ માટે સંઘર્ષ કરી રહ્યા છે. અનુસૂચિત જાતિઓ/દલિતોના એક ભાગને બંધારણીય જોગવાઈઓનો સારો એવો લાભ મળ્યો છે, તેમની સામાજિક, આર્થિક સ્થિતિ સુધારી છે. ઉપરાંત આ ભાગ હજુ પણ વિશેષ બંધારણીય જોગવાઈઓને પરિણામે લાભ લઈ રહ્યો છે.

દલિતો હવે શિક્ષણ મેળવીને વ્હાઈટ કોલર જોબ મેળવી રહ્યાં છે. સાક્ષરતા, શિક્ષણ અને રોજગારીને પરિણામે દલિતોમાં વ્યાવસાયિક ગતિશીલતા જોવા મળે છે. જે દલિતો ઉચ્ચ વ્યવસાયો/નોકરીઓમાં જોડાયા છે, તેઓ ઉચ્ચ જ્ઞાતિઓના પ્રકોપનો નિશાન બન્યા છે. બિહાર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં દલિતો-સવર્ણો વચ્ચે સંઘર્ષ પણ વધ્યો છે. શિક્ષણનું અને નોકરીમાં ખાનગીકરણને પરિણામે સ્થિતિ બદલાઈ રહી છે.

**સંદર્ભ** :


(1) Oomen, T.K. : "Strategy for Social Change : A Study of Untouchability. Economic & Political Weekly, June-22 1968, p. 933-936.

(2) વી.એન. સિંહ, જનમેજય સિંહ : ભારતમે સામાજિક આંદોલન (૨૦૦૫) રાવત પ્બ્લિકેશન્સ, જયપુર.

(3) કે. એલ. રાણા : ભારતીય સામાજિક સંરચના એવં પરીવર્તન (૨૦૦૬) રાવત પ્બ્લિકેશન્સ, જયપુર.

(4) એ.જી. શાહ : ભારતમાં સમાજ : માળખું અને પરીવર્તન

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

જે. કે. દવે (૨૦૦૪-૦૫) અનડા બુક ડીપો, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૮૦૦૧.